
# Publication

| Sr. No. | Publication | Number |
|---|---|---|
| 1. | Research Paper | **3** |
| 2. | Extension Literature  (Folder, Leaflet) | **14** |
| 3. | Newspaper coverage | **225** |
| 4. | Popular articles | **15** |
| 5. | Success story | **5** |



**Extension Literature  (Folder, Leaflet)**



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઇ ખાતે બકરા પાલકો માટેની તાલીમ યોજાઈ

ગુજરાતની અસ્મિતા
વઘઇ, તા.૦૯

આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ ભારત, આહવા ડાંગ અને. કૃષિ યુનિવર્સિટી નવસારી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ ના સહિયારા પ્રાયાસ થી કેવિકે વઘઈ મા બકરા પાલકો માટેની તાલીમ યોજાઈ હતી. જેનું ઉદ્ઘાટન કેવિકે વઘઈ ના જીજ્ઞેશભાઈ ડોબરીયાએ કર્યુ હતું અને નવસારી કૃષિ યુનિવર્સિટીના પશુ સંશોધન કેન્દ્રના ગૌરવ પંડયા, રાવલ સાહેબ અને કેતનભાઈ દ્વારા બકરા પાલન બાબતે તેના રહેઠાણ, ખોરાક, રોગો અને તેના માટે રાખવાની કાળજી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ તાલિમ મા ૪૦ જેટલા બકરા પાલક બહેનો અને ભાઈઓએ ભાગ લીધો હતો, નવસારી યુનિવર્સિટી દ્વારા અગાઉ ૨૦૨૦ માં સુરતી બકરા આહવા ડાંગના લાભાર્થીઓને વિના મૂલ્યે આપવામાં આવ્યા હતા. આમ આ તાલિમ કાર્યક્રમ સફળ કરવામાં બકરા પાલકોએ, કૃષિ યુનિવર્સિટી નવસારી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ નો ખુબ ખુબ આભાર માન્યો હતો.

તસ્વીર : પટેલ હિતાર્થ



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન. કૃ. યુ., વઘઇ દ્વારા ટેકનોલોજી સપ્તાહની ઉજવણી કરવામાં આવી

● વાત્સલ્યમ્ સમાચાર
● મદન વૈષ્ણવ ડાંગ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ, ખેતીવાડી ખાતુ ડાંગ,બાગાયત ખાતુ ડાંગ,તેમજ લોટસ મંડળી ડાંગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫/૧૧/૨૦૨૧ થી ૨૦/૧૧/૨૦૨૧ દરમિયાન ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં જઈ ત્યાંનાં ખેડૂતોને કૃષિની નવીન તકનિકીઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વર્ષોના સંશોધનો બાદ ખેતી, પશુપાલન, ગૃહ વિજ્ઞાન, વાતાવરણ અને બાગાયત ખેતીની વૈજ્ઞાનિક ભલામણો તથા નવીન ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચી શકે તે માટે અત્રેના કેન્દ્રના,વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.જી.જી.ચૌહાણના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં અલગ-અલગ વિષય નિષ્ણાતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ટીમ દ્વારા ખેડૂતોને વિવિધ વિષયો પર આધુનિક તકનિકોનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.આ ઉપરાંત લોટસ મંડળીના શ્રવણભાઈ દ્વારા પણ ડાંગી ભાષામાં ખેડૂતોને સમજણ તથા માહિતી પૂરી પાડી હતી. સામાજિક કાર્યકર કિશોરભાઈ પટેલ પણ ભદરપાડા ગામ ખાતે હાજર રહી તેમના અનુભવોનો નિચોડ ખેડૂતોને આપ્યો હતો.

આ સપ્તાહ દરમિયાન હલકા ધાન્ય સંશોધન કેન્દ્રના વડા ડો. પાટિલે પણ પોતાનો કિમતી સમય કાઢીને ખેડૂતોને નાગલી-વરીની મહત્વની માહિતી આપી હતી.સમગ્ર સપ્તાહ દરમિયાન ગુંદીયા, લહાન દબાસ, ભદરપાડા, ચિચોન્ડ, ઝાવડા અને બરડીપાડાના ખેડૂતોને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા દ્રશ્ય- શ્રાવ્ય માધ્યમ સહિત, વ્યકતવ્યો, પ્રદર્શન, જીવંત ડેમો, ફાર્મર સાયન્ટિસ્ટ ઈન્ટરેકશન, નિદર્શન પધ્ધતી, કિશન ગોષ્ઠી, ફિલ્મ શો,ખેડૂત તાલીમ, ડાયગ્નોસ્ટિક વિઝિટ વગેરે દ્વારા અધ્યતન ટેકનોલોજીનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રયત્ન ફળ સ્વરૂપે આ સપ્તાહમાં પ્રાકૃતિક જિલ્લો ડાંગના અલગ-અલગ ૯ જેટલા ગામોમાંથી ૩૫૭ કરતાં વધારે ભાઈઓ-બહેનોને આ સપ્તાહનો લાભ મળ્યો હતો.આ ટેકનોલોજી સપ્તાહ દ્વારા ઘણા બધા ખેડૂત ભાઈઓ અને બહેનોએ નવીનતમ તકનિક અપનાવવા માટે કટીબધ્ધ થયા હતા...


**Newspaper coverage**



કૃષિ પ્રભાત

ખેડ-ખાતર અને પાણી

## મધમાખીઓનાં જીવનચક્રને ઓળખો





## આંબાની ખેતીમાં મે-જૂન માસમાં કરવાના થતાં મહત્વના ખેતી કાર્યો



## સુરણની ખેતી - વૈજ્ઞાનિક અભિગમ સાથે

**Popular articles**





**Success story**